**<u>સ્પે દિવાની દાવા નં.–૨૨૬/૧૮</u>**

## :: <u>આંક–૬ લગત હુકમ</u> ::

૧. <u>આંક–૬</u> ની અરજી વંચાણે લીધી, વાદી તરફેના વિ.વ.શ્રીને સાંભળ્યા. રેકર્ડ મુજબ પ્રતિવાદી દાવો દાખલ થાય તે પહેલા ગુજરી ગયેલ હોઈ અને તેના વારસો રેકર્ડ પર લાવવા અરજી સાથે હાલની ડીલે માફ કરવાની અરજી કરવામાં આવેલ હોય જે અરજી સબબ સાંભળ્યા.

૨. વાદી તરફે મહદઅંશે તેમની હાલની <u>આંક– ૬</u> ની અરજીમાં જણાવેલ વિગતે વિગતવાર મૌખિક રજુઆત કરી મહદઅંશે પ્રતિવાદી ગુજરી ગયેલાની દાવો દાખલ કરતા સમયે જાણ ન હોય તથા બેલીફના સમન્સ લગતના શેરાથી આ બાબત ઘ્યાન ઉપર આવેલ હોય અને પ્રતિવાદી ગુજરી જતા તેમના વારસોને રેકર્ડ ઉપર લાવી શકાય તેમ હોવાનું જણાવી ન્યાયના હીતમાં હાલની અરજી મંજુર કરવા અને પ્રતિવાદીના વારસોને જોડવા દેવા વિનંતી કરેલ છે.

૩. હાના કામે હાલની અરજી સંદર્ભે નિર્ણય કરવા સૌપ્રથમ રેકર્ડ ઉપરના સંજોગોને ઘ્યાને લેવામા આવે તો નીચેની કેટલીક બાબતો રેકર્ડ ઉપરથી સ્પષ્ટ બને છે.

(૧) હાલનો દાવો દાવાની વિગતો મુજબના કૃત્ય / અપકૃત્ય બદલ વિજચોરી અંગેનું બીલ પ્રતિવાદીને આપવામાં આવેલ હોય અને તેમ છતાં તેઓએ તેવા બીલની રકમ ભરપાઈ કરેલ ન હોય સદર બીલની રકમ પ્રતિવાદી પાસેથી વસુલ લેવા માટે કરવામાં આવેલ હોય તેવી બાબત સ્પષ્ટ બને છે.

(II) બીજા શબ્દોમાં કહેવામાં આવે તો આ દાવો મુળ પ્રતિવાદીએ પોતે કરેલ વિજચોરી અંગેના અપકૃત્ય બદલ તેમના વ્યકિતગત અપકૃત્ય બદલ કરવામાં આવેલ દાવો છે.

(III) હાલના દાવામાં જણાવેલ વિગતેની કહેવાતી ચોરીનું કૃત્ય દાવા અરજી મુજબ તા.૧૧–૫–૧૬ ના રોજ બનેલ છે.

(IV) વાદીએ હાલનો દાવો તા.૧૯–૦૩–૧૮ ના રોજ દાખલ કરેલ છે.

(V) પ્રતિવાદીને કોર્ટથી કાઢેલ સમન્સ લગતના બેલીફના તા.૦૬–૦૬–૧૮ ના રોજના શેરા મુજબ પ્રતિવાદી દાવો દાખલ થયા પહેલા ગુજરી ગયેલાની બાબત રેકર્ડ પર આવેલ છે અને આ બાબત તા.૦૬–૦૬–૧૮ થી કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. તેને જોતા એ બાબત સ્પષ્ટ બને છે કે, પ્રતિવાદી દાવો દાખલ કરતા પહેલાથી જ અવસાન પામેલાનું સ્પષ્ટ બને છે.

(VI) વાદી કુ. દવારા પ્રતિવાદીના વારસો દાખલ કરવા માટેની હાલની અરજી તા.૨–૮–૧૮ ના રોજ રેકર્ડ ઉપર આપવામાં આવેલ છે.

૪. ઉપરોકત હકીકતોને કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત સાથે જોવામાં આવે તો નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

(I) પ્રતિવાદી જયારે હાલનો દાવો દાખલ કરવામાં આવ્યો તે પહેલાથી જ મૃત્યુ પામેલ હોઈ હાલનો દાવો તે શરૂથી જ મૃત વ્યકિત સાથે હોય તે કાયદાની દ્રષ્ટીએ નલીટી છે.

(II) કાયદાની અન્ય એક સેટલ પોઝીશન જોવામાં આવે તો સી.પ્રો.કોડ ઓર્ડર – ૨૨ ની તમામ જોગવાઈઓ માત્રને માત્ર જો કોઈ હોય તો જ લાગુ પાડી શકાય તે બાબતને હાલના કેસના સંજોગો સાથે જોવામાં આવે તો

હાલના કામેના પ્રતિવાદી જયારે દાવો દાખલ કરતા પહેલા જ ગુજરી ગયેલ હોઈ હાલના કામે સી.પ્રો.કોડ ઓર્ડર – ૨૨ ની જોગવાઈઓ લાગુ પાડી શકાય તેમ ન હોવાનું તથા સી.પ્રો.કોડ ઓર્ડર – ૨૨ની જોગવાઈઓ હેઠળ વારસો દાખલ કરવાની વાદીની હાલની અરજી ગ્રાહય રાખવા પાત્ર ન હોવાનું સ્પષ્ટ બને છે.

(III) હાલના કામને સ્પર્શતી કાયદાની અન્ય એક મહત્વની બાબત જોવામાં આવે તો ભલે વાદી તરફે હાલની અરજી પ્રતિવાદીના વારસોને રેકર્ડ ઉપર લાવવા સી.પ્રો.કોડ ઓર્ડર – ૨૨ ની જોગવાઈઓ હેઠળ આપવામાં આવેલ હોય તે રીતે અને તેવા સ્વરૂપે અપાયેલ છે પરંતુ આવા કીસ્સામાં જો સી.પ્રો.કોડ ઓર્ડર – ૨૨ ની જોગવાઈઓ લાગુ પડી શકે તેમ ન હોય તો અદાલત પોતે હાઈપર ટેકનીકલ વ્યુહ ન લેતા આ અરજી જાણે કે સી.પ્રો. કોડ ઓર્ડર – ૧, રૂલ – ૧૦ હેઠળની અરજી હોય તે રીતે પણ તેને માની તેનો ગુણદોષ આધારે નિર્ણય કરવો જોઈએ તેવી બાબતે સ્પષ્ટ બને છે.

૫. તે દ્રષ્ટીકોણથી જોતા અને હાલની અરજીને સી.પ્રો.કોડ ઓર્ડર – ૧, રૂલ – ૧૦ ની અરજી તરીકે પણ ઘ્યાને લઈ તેના ગુણદોષ અંગે ચર્ચા કરવામાં આવે તો નીચેની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

(I) કોઈપણ પ્રતિવાદી સામે જયારે કોઈ દીવાની દાવો દાખલ કરવામાં આવેલ હોય અને તેનું અવસાન થાય અને તે દાવાનું સ્વરૂપ જોતા પ્રતિવાદીના અવસાન બાદ તેના વારસો સામે પણ દાવો કરવા માટેનું કે દાવો ચાલુ રાખવા માટેનું કોઈ કારણ ચાલુ રહેતુ હોય તો જ પ્રતિનિધીઓને તેવા દાવાના કામે પક્ષકાર તરીકે જોડી શકાય. પરંતુ દાવાનું સ્વરૂપ જોતા જો તે દાવો એવા સ્વરૂપનો હોય કે જે પ્રતિવાદીના કોઈ

વ્યકિતગત અપકૃત્યને કારણે દાવાનું કારણ ઉત્પન્ન થયેલ હોય તથા તેવા અપકૃત્ય માટે તેના વારસો કે પ્રતિનિધીઓને સીધી રીતે સાંકડી શકાય તેમ ન હોય તો તેવા સંજોગોમાં તેવા વ્યકિતગત અપકૃત્યથી ઉત્પન્ન થયેલ દાવાના કામે પ્રતિવાદીના મૃત્યુ પછી તેના વારસો સામે તેવા દાવાનું કોઈ કારણ ચાલુ રહેતુ ન હોઈ તેવા દાવાના કામે મૃત્યુ પામેલ પ્રતિવાદીના વારસો કે પ્રતિવાદીઓને પક્ષકાર તરીકે પણ જોડી શકાય નહી.

ઉપરોકત મુજબની કાયદાકીય સ્થિતી હાલના રેકર્ડ સંદર્ભે છે. માટે આ કામે હાલની અરજીમાં ઉપર જણાવ્યા મુજબ પ્રતિવાદી દાવા તારીખ અગાઉ ગુજરી ગયેલ હોવા છતાં તેઓ સામે દાવો દાખલ કરેલ હોય અને તેના વારસો રેકર્ડ પર વિલંબ સાથે લાવવા માટે હાલની વિલંબ માફીની અરજી આપેલ છે. અરજીમાં વિલંબનું કારણ દર્શાવેલ ન હોય અને કાયદાકીય જોગવાઈ જોતા વારસોને જોડી આગળ કાર્યવાહી ચાલુ રાખી શકાય તેમ ન હોય હાલની આંક–૬ ની વિલંબ માફીની અરજી નામંજુર કરુ છુ.

## હુકમ

સાંભળ્યા, આ કામે પ્રતિવાદી દાવો દાખલ કરતા અગાઉ દાવા સમય પહેલા ગુજરી ગયેલ છે તેવુ રેકર્ડ જોતા સ્પણષ્ટ બને છે. હાલનો દાવો પ્રતિવાદીએ કરેલ અપકૃત્ય બદલ કરેલ છે. ત્યારે તે કાયદાની જોગવાઈ મુજબ તેના મૃત વ્યકિત સામેનો દાવો નલીટી અને ચલાવવાપાત્ર ન હોઈ તેના વારસો રેકર્ડ પર દાખલ કરી દાવો આગળ ચાલવાપાત્ર ન હોઈ દાવાના સ્વરૂપ જોતા તથા વિલંબનું વ્યાજબી કારણ દર્શાવેલ ન હોય અરજી નામંજુર કરવામાં આવે છે અને હાલની અરજી નામંજુર કરેલ હોઈ દાવો આગળ ચાલી શકે તેમ ન હોઈ આંક–૧ નીચે હુકમ કરવો.

હુકમ આજરોજ તા.૦૨'જી, માહે : ઓગષ્ટ, સને.૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૨–૦૮–૨૦૧૮

**(મહંમદ હનીફ સવાઈખાન સિંધી)**
૨'જા એડી.સેશન્સ જજ
ભાવનગર એટ મહુવા.
કોડ નં.જીજે–૦૦૪૩૨

HRC

**<u>સ્પે દિવાની દાવા નં.–૨૨૬/૧૮</u>**

**<u>–: આંક–૧ લગત હુકમ :–</u>**

હાલના કામે વાદી તરફે દાખલ કરવામાં આવેલો હાલનો દાવો મૃત પ્રતિવાદી સામે દાખલ કરવામાં આવેલ હોય કાયદાની દ્રષ્ટીએ તે નલીટી સ્વરૂપમાં હોય તથા તે સંજોગોમાં તથા વાદી તરફે વારસો દાખલ કરવાના સમર્થનમાં કરવામાં આવેલ વિલંબ માફીની <u>આંક – ૬</u> ની અરજી તેમા જણાવેલ કારણોસર રદ કરવામાં આવેલ હોય તે તમામ સંજોગોમાં વાદીનો દાવો આથી કાયદા મુજબ મેઈન્ટેનેબલ ન હોય અને વિલંબ માફીની અરજી દર્શાવેલ કારણોસર નામંજુર કરેલ હોય અને નલીટી હોય રદ કરવા હુકમ કરુ છુ.

તા.૦૨–૦૮–૨૦૧૮

**(મહંમદ હનીફ સવાઈખાન સિંધી)**
ર'જા એડી.સેશન્સ જજ
ભાવનગર એટ મહુવા.
કોડ નં.જીજે–૦૦૪૩૨